# વડોદરામાં શુદ્ધ પાણીના નામે અસ્વચ્છતાનો ખેલ!

## ફૂડ વિભાગે ઓચિંતો દરોડો પાડી આર.ઓ. પ્લાન્ટ બંધ કરાવ્યા

**કાળઝાળ** ગરમીમાં રોગચાળો અટકાવવા તંત્ર એક્શન મોડમાં; આગામી દિવસોમાં શેરડી અને કેરીના રસના વેપારીઓ સામે પણ થશે કાર્યવાહી





(પ્રતિનિધિ) વડોદરા તા.26

ઉનાળાની કાળઝાળ ગરમી શરૂ થતાં જ વડોદરા મહાનગરપાલિકાનું આરોગ્ય વિભાગ એક્શન મોડમાં આવી ગયું છે. નાગરિકોના આરોગ્ય સાથે કોઈપણ પ્રકારની બેદરકારી ન થાય તે માટે આજે વહેલી સવારથી જ ફૂડ શાખાની અલગ-અલગ ટીમો દ્વારા શહેરભરમાં સઘન મેગા ચેકિંગ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ કાર્યવાહીથી દૂષિત પાણી અને અખાદ્ય વસ્તુઓનું વેચાણ કરતા વેપારીઓમાં ભારે ફફડાટ ફેલાયો હતો.

ગરમીમાં પીવાના પાણીની માંગ વધતા આરોગ્ય વિભાગની ટીમોએ શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા પાણીના ચિલિંગ પ્લાન્ટ અને આરઓ પ્લાન્ટ પર અચાનક ચેકિંગ હાથ ધર્યું હતું. અધિકારીઓએ પીવાના પાણીની શુદ્ધતા, સ્ટોરેજ, પાણીના સોર્સ અને પ્લાન્ટની સ્વચ્છતાની વિગતવાર તપાસ કરી હતી. સાથે જ પાણીના નમૂનાઓ લઈને લેબોરેટરી તપાસ માટે મોકલવાની કાર્યવાહી પણ હાથ ધરાઈ હતી.

ચેકિંગ દરમિયાન ફૂડ ઈન્સ્પેક્ટરની બે ટીમોએ સંયુક્ત રીતે જય રિદ્ધિ એજન્સી નામના પાણીના પ્લાન્ટ પર ઓચિંતી તપાસ કરી હતી. તપાસ દરમિયાન પ્લાન્ટમાં ભારે ગંદકી અને અસ્વચ્છતા જોવા મળતા અધિકારીઓ ચોંકી ઉઠ્યા હતા. પીવાના પાણીની આસપાસ ગંદકી હોવાને કારણે લોકોના આરોગ્ય માટે જોખમ ઉભું થઈ શકે તેવી સ્થિતિ સામે આવી હતી.

આ ગંભીર બેદરકારીને ધ્યાનમાં રાખીને આરોગ્ય વિભાગે તાત્કાલિક અસરથી પ્લાન્ટનું પાણી વેચાણ અને વિતરણ બંધ કરવાનો આદેશ આપ્યો હતો. સાથે જ સંચાલકોને સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી કે, સંપૂર્ણ સ્વચ્છતા જાળવી અને હાઈજેનિક ધોરણો પૂર્ણ કર્યા બાદ જ પાણીનું વેચાણ ફરી શરૂ કરી શકાશે.

આરોગ્ય વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે, ઉનાળામાં રોગચાળો ન ફેલાય અને લોકોને શુદ્ધ પીવાનું પાણી મળી રહે તે માટે આ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આગામી દિવસોમાં કેરીના રસ, શેરડીના રસ અને અન્ય ઠંડા પીણાં વેચતા વેપારીઓ સામે પણ આ પ્રકારનું સઘન ચેકિંગ અભિયાન હાથ ધરવામાં આવશે.

### ધારાસભ્યે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખી રજૂઆત કરી

# સાવલીના ભ્રષ્ટ નવનિર્મિત બ્રીજ મામલે કેતન ઈનામદારની વિજિલન્સ તપાસની માગ

(પ્રતિનિધિ) વડોદરા. તા.26

કેતન ઈનામદારએ સાવલી તાલુકાના પરથમપુરા ગામ પાસે કરડ અને મેસરી નદી પર કરોડોના ખર્ચે બનેલા નવા બ્રીજની બિસ્માર હાલત મામલે સીધા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખી ઉચ્ચસ્તરીય તપાસની માંગ કરી છે. બ્રીજ શરૂ થયાના ટૂંકા સમયમાં જ તેમાં તિરાડો અને આર.સી.સી. ઉખડવાની ઘટનાઓ સામે આવતા સ્થાનિકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે.

માહિતી મુજબ, સાવલી તાલુકાના પરથમપુરા ગામ પાસે કરડ અને મેસરી નદી પર વાહનચાલકોની સુવિધા માટે એપ્રોચ રોડ સહિત આશરે રૂ.24 કરોડના ખર્ચે નવા બ્રીજનું નિર્માણ કરવામાં આવ્યું હતું. થોડા સમય પહેલા જ જનતા માટે ખુલ્લો મુકાયેલા આ બ્રીજની હાલત ગણતરીના દિવસોમાં જ કથળી ગઈ હોવાનું સામે આવ્યું છે. બ્રીજના રસ્તા પર મોટી-મોટી તિરાડો પડી ગઈ છે તેમજ અનેક જગ્યાએ આર.સી.સી. ઉખડી જતાં કામની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઉભા થયા છે. સ્થાનિક લોકોમાં પણ ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે અને કામમાં ભ્રષ્ટાચાર અથવા બેદરકારી થઈ હોવાની ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.

ધારાસભ્ય કેતન ઈનામદારે મુખ્યમંત્રીને લખેલા પત્રમાં જણાવ્યું છે કે, રાજ્ય સરકાર લોકોની સુવિધા માટે કરોડો રૂપિયાના વિકાસકાર્યો કરી રહી છે, પરંતુ કેટલાક બેદરકાર કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓની મિલીભગતના કારણે સરકારની છબી ખરડાઈ રહી છે. તેમણે આ સમગ્ર મામલે તાત્કાલિક વીજીલન્સ તપાસ કરાવવા તેમજ જવાબદાર કોન્ટ્રાક્ટર, અધિકારીઓ અને કર્મચારીઓ સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે. સાથે જ જનતાના જીવને જોખમમાં મુકનાર તત્વોને છોડવામાં ન આવે તેવી પણ રજૂઆત કરી છે.

ધારાસભ્યએ વધુમાં જણાવ્યું હતું કે, લોકોની મહેનતના કરમાંથી વિકાસકાર્યો માટે ખર્ચ કરવામાં આવે છે અને જો કામની ગુણવત્તામાં બેદરકારી રાખવામાં આવે તો તે જનતાના નાણાંનો દુરુપયોગ સમાન છે. આ ઘટનાએ સરકારી કામોની ગુણવત્તા અને દેખરેખ વ્યવસ્થા સામે પણ સવાલો ઉભા કર્યા છે.

આ મામલે ધારાસભ્યએ કડક વલણ અપનાવતા વહીવટી તંત્ર અને સંકળાયેલા કોન્ટ્રાક્ટરોમાં ફફડાટ ફેલાયો છે. હવે મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા તપાસના આદેશ અને આગળની કાર્યવાહી પર સૌની નજર મંડાઈ છે.

### આરોગ્ય સાથે ચેડાં કરનારાઓ સામે કોર્પોરેશનની લાલ આંખ

# ૬૧ એકમો પર તવાઈ, ૭ યુનિટ બંધ; ૩૫ હજારનો દંડ, રેસ્ટોરન્ટ સંચાલકોમાં ફફડાટ

**માંજલપુરની** 'પીઝીનોઝ પીઝા' રેસ્ટોરન્ટ સીલ, સમતાની 'શેટ્ટીસ કિચન' ને નોટિસ

(પ્રતિનિધિ) વડોદરા, તા.26

વડોદરા મહાનગરપાલિકાના ફૂડ વિભાગે શહેરમાં અસ્વચ્છતા અને ખાદ્ય સુરક્ષા નિયમોના ભંગ સામે મેગા ચેકિંગ ડ્રાઈવ હાથ ધરી 61 ખાદ્ય એકમો પર દરોડા પાડ્યા હતા. કાર્યવાહી દરમિયાન 7 એકમોને તાત્કાલિક બંધ કરાવવામાં આવ્યા હતા, જ્યારે રૂ.35 હજારનો સ્પોટ ફાઈન વસૂલવામાં આવ્યો હતો. ઉનાળાની ઋતુમાં નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં ન થાય તે માટે કોર્પોરેશન દ્વારા આ કડક કાર્યવાહી હાથ ધરાઈ હતી.

મ્યુનિસિપલ કમિશનરની સૂચના હેઠળ ફૂડ સેફ્ટી ઓફિસરોની ટીમોએ માંજલપુર, ગોરવા, સમતા, મકરપુરા, નવાયાર્ડ, બાજવા, છાણી, વેરાઈમાતા ચોક અને ખંડેરાવ માર્કેટ સહિતના વિસ્તારોમાં સઘન ચેકિંગ કર્યું હતું. દરોડા દરમિયાન કેરીના હોલસેલરો, આઈસ ફેક્ટરીઓ, પાણીના જગ સપ્લાયરો અને રેસ્ટોરન્ટોની તપાસ હાથ ધરાઈ હતી.

તપાસ દરમિયાન કુલ 34 કેરીના હોલસેલર, 11 પાણી સપ્લાય એકમો, 4 આઈસ ફેક્ટરી, 2 રેસ્ટોરન્ટ સહિત વિવિધ ખાદ્ય એકમોની ચકાસણી કરવામાં આવી હતી. ગંદકી, લાયસન્સના અભાવ અને પ્રતિબંધિત સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉપયોગ બદલ અનેક વેપારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

માંજલપુરના તુલસીધામ ચાર રસ્તા પાસે આવેલી પીઝીનોઝ પીઝા રેસ્ટોરન્ટમાં ભારે ગંદકી અને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ જોવા મળતા એકમને બંધ કરાવી રૂ.15 હજારનો દંડ ફટકારાયો હતો. જ્યારે સમતા વિસ્તારની શેટ્ટીસ કિચનને પાણીના ટેસ્ટિંગ રિપોર્ટ અને કર્મચારીઓના મેડિકલ સર્ટિફિકેટ ન હોવાને કારણે નોટિસ ફટકારાઈ હતી. ત્યાંથી 'ઘી પોડી રવા ઢોસા'નો નમૂનો લેબોરેટરી તપાસ માટે મોકલાયો છે.

વેરાઈમાતા ચોક અને ખંડેરાવ માર્કેટ પાછળ આવેલા કેરીના હોલસેલરો સામે પણ કડક કાર્યવાહી કરવામાં આવી હતી. ગંદકી અને લાયસન્સ વગર ધંધો કરતા અનેક એકમો બંધ કરાયા હતા. ઉપરાંત શહેરની વિવિધ આઈસ ફેક્ટરી અને પાણીના જગ સપ્લાય કરતા એકમોમાં પણ હાઈજિન અને પાણીની ગુણવત્તાની તપાસ હાથ ધરાઈ હતી.

ફૂડ વિભાગે 'ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ' વાન મારફતે લારી-ગલ્લા પર 52 નમૂનાઓનું લાઈવ ટેસ્ટિંગ પણ કર્યું હતું. આગામી દિવસોમાં પણ આવી ઝુંબેશ ચાલુ રહેશે તેવી ચીમકી તંત્ર દ્વારા આપવામાં આવી છે.

# ગ્રાહકોને ગુણવત્તા સાથે પરવડે તેવી કિંમત મળવી જરૂરી: બિઝનેસ ગુરુ ડૉ. વિવેક બિંદ્રા

**દેશના** અગ્રણી ડિજિટલ ઇન્ફ્લુએન્સર્સ પણ બ્રાન્ડેડ ફેક્ટરીના લોન્ચિંગમાં સહભાગી થયા



(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરાના અલકાપુરી વિસ્તારમાં આયોજિત એક ભવ્ય બિઝનેસ લોન્ચિંગ સમારોહ અને પત્રકાર પરિષદમાં દેશની જાણીતી હસ્તીઓ એકમંચ પર ઉપસ્થિત રહી હતી. આ ખાસ પ્રસંગે પ્રખ્યાત બોલિવૂડ અભિનેતા અને સફળ ઉદ્યોગસાહસિક વિવેક ઓબેરોય તેમજ વિશ્વવિખ્યાત બિઝનેસ કોચ અને મોટિવેશનલ સ્પીકર ડૉ. વિવેક બિંદ્રાએ વિશેષ હાજરી આપીને કાર્યક્રમની શોભા વધારી હતી. તેમની સાથે ટેલિવિઝન જગતના જાણીતા કલાકારો નિયા શર્મા, પારસ કલનાવત અને કશિશ કપૂર સહિત દેશના અગ્રણી ડિજિટલ ઈન્ફ્લુએન્સર્સ પણ આ બ્રાન્ડેડ ફેક્ટરીના લોન્ચિંગમાં સહભાગી થયા હતા.

આ પ્રસંગે ગ્રાહકો અને વેપારીઓને સંબોધિત કરતા બિઝનેસ ગુરુ ડૉ. વિવેક બિંદ્રાએ ભારતીય રિટેલ માર્કેટના ભવિષ્ય અંગે મહત્વનું નિવેદન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં દેશનું રિટેલ સેક્ટર ખૂબ જ ઝડપી પરિવર્તન તરફ આગળ વધી રહ્યું છે. આજે ગ્રાહકો ઉત્કૃષ્ટ ગુણવત્તાની સાથે આર્થિક રીતે પરવડે તેવી કિંમતો આગ્રહપૂર્વક ઈચ્છી રહ્યા છે. આ પરિપ્રેક્ષ્યમાં વડોદરામાં શરૂ થયેલું બ્રાન્ડેડ ફેક્ટરી આઉટલેટ ગ્રાહકોની આ અપેક્ષાઓને પૂર્ણ કરવામાં એક નવું સીમાચિહ્ન સાબિત થશે. અભિનેતા વિવેક ઓબેરોયે પણ આ નૂતન સાહસને બિરદાવતા વડોદરાના આર્થિક વિકાસ અને ગ્રાહકોને મળનારા આકર્ષક લાભો અંગે ખુશી વ્યક્ત કરી હતી.

### સયાજીગંજ ગાલવ ચેમ્બર્સમાં શોર્ટ સર્કિટથી વીજ મીટરોમાં આગ



■ વડોદરા શહેરમાં ગરમીના પ્રકોપના કારણે આગ લાગવાના બનાવ નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. તેવામાં વધુ એક આગ લાગવાની ઘટના સયાજીગંજ વિસ્તારમાં બની હતી. સયાજીગંજ સરદાર પ્રતિમા નજીક આવેલા ગાલવ ચેમ્બર્સના વીજ મીટરમાં શોર્ટ સર્કિટ થયા બાદ આગ લાગી હતી. જેને લઇ ચેમ્બર્સમાં હાજર તમામ લોકો નીચે દોડી આવ્યા હતા. બનાવની જાણ કરવામાં આવતા ફાયર બ્રિગેડના જવાનો અને વીજ કંપનીની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી અને પરિસ્થિતિ સંભાળી લીધી હતી. સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી. જીઈબીના કર્મચારીઓએ વીજ પુરવઠો બંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

### શ્રી રઘુવંશી લુહાણા મહિલા મંડળ દ્વારા અનુષ્ઠાન યોજાયું

# પુરુષોત્તમ માસ નિમિત્તે શ્રી પુરુષોત્તમ યાગ યોજાયો



વડોદરાઃ વડોદરા ખાતે રઘુવંશી જલારામ કોમ્યુનિટી સેન્ટર, ઈલોરા પાર્ક ખાતે શ્રી રઘુવંશી લુહાણા મહિલા મંડળ દ્વારા પુરુષોત્તમ મહિનાના મહાત્મ્યને ધ્યાનમાં રાખીને ભક્તિમય વાતાવરણ વચ્ચે "શ્રી પુરુષોત્તમ યાગ"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક કાર્યક્રમમાં મંડળની અંદાજે ૪૫ જેટલી બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.સવારે ૯ વાગ્યાથી શરૂ થયેલ આ ધાર્મિક વિધિ સાંજે ૭ વાગ્યા સુધી ચાલી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રોક્ત વિધી-વિધાન સાથે પુરુષોત્તમ ભગવાનની પૂજા-અર્ચના કરાવવામાં આવી હતી. ભક્તિભાવ સાથે વિષ્ણુ સહસ્ત્રનામના પાઠ કરવામાં આવ્યા હતા તેમજ ૧૦૦૮ તુલસી પત્રક અર્પણ કર્યા બાદ યજ્ઞમાં આહુતિ આપવામાં આવી હતી.કાર્યક્રમ પૂર્ણ થયા બાદ રાત્રિના સમયે બ્રહ્મભોજન તથા મહાપ્રસાદનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં સમાજની બહેનો તેમજ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પતિના મૃતદેહના ઝૂંપડા સામે જ પત્નીએ અંતિમ સંસ્કાર કરી નાખ્યા

વડોદરા : વડોદરાના વાઘોડિયા રોડ વિસ્તારમાં માનવતાને ઝંઝોળી નાખે તેવી ઘટના સામે આવી છે. ડી માર્ટ પાછળ ખુલ્લા પ્લોટમાં ઝૂંપડામાં રહેતા મહેશ રાઠોડીયા નામના આધેડનું અસહ્ય ગરમી અને દારૂની લતને કારણે મોત થયું હતું. પત્ની જશોદાબેને સગાઓને જાણ કરી હતી, પરંતુ મોડી રાત સુધી કોઈ ન આવતા મૃતદેહમાંથી દુર્ગંધ અને જીવડાં નીકળવા લાગ્યા હોવાનું તેણે જણાવ્યું હતું. લાચાર અને અજ્ઞાનતામાં જશોદાબેને ઝૂંપડા સામે ગોદડી મૂકી પતિના મૃતદેહનો અંતિમ સંસ્કાર કરી દીધો હતો. બાદમાં મૃતકની માતા લક્ષ્મીબેન અને અન્ય સગાઓ સ્થળ પર પહોંચતા ઘટના જોઈ હચમચી ગયા હતા. માહિતી મળતા પાણીગેટ પોલીસ સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહના અવશેષોને ગાજરાવાડી રામનાથ સ્મશાન ખાતે લઈ જઈ વિધીવત અંતિમ સંસ્કાર કરાવ્યા હતા. મૃતક મૂળ ડભોઈ તાલુકાના બહેરામપુરા ગામનો રહેવાસી હતો.

### વડોદરા શહેર-જિલ્લામાં સ્માર્ટ મીટર ઈન્સ્ટોલેશનને મળશે ગતિ

# MGVCL દ્વારા 'માસ મીટર રિપ્લેસમેન્ટ'ની કામગીરી હાથ ધરાશે

**વડોદરા** જિલ્લામાં 4.60 લાખથી વધુ સ્માર્ટ મીટર કાર્યરત છે

(પ્રતિનિધિ) વડોદરા તા.26

કેન્દ્ર સરકાર અને Central Electricity Authorityની ગાઈડલાઈન મુજબ જૂના વીજ મીટરોને તબક્કાવાર સ્માર્ટ મીટરથી બદલવાની કામગીરી ઝડપી ગતિએ આગળ વધી રહી છે. મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા વડોદરા જિલ્લામાં 'માસ મીટર રિપ્લેસમેન્ટ' અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાનનો મુખ્ય હેતુ વીજ સેવાઓને વધુ આધુનિક, પારદર્શક અને ગ્રાહકમૈત્રી બનાવવાનો છે.

એમજીવીસીએલની ટીમો દ્વારા શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં સ્માર્ટ મીટર લગાડવાની કામગીરી કરવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં સમગ્ર વડોદરા જિલ્લામાં 4.60 લાખથી વધુ સ્માર્ટ મીટર લગાવવામાં આવ્યા છે. જ્યારે એમજીવીસીએલના સમગ્ર વિસ્તારમાં 13 લાખથી વધુ સ્માર્ટ મીટર કાર્યરત બન્યા છે. ગુજરાતમાં સ્માર્ટ મીટરની સંખ્યા 50 લાખને પાર પહોંચી ગઈ છે અને દેશભરમાં આ આંકડો 6 કરોડથી વધુ થયો હોવાનું જણાવાયું છે.

સ્માર્ટ મીટરથી ગ્રાહકોને અનેક લાભ મળશે. મોબાઈલ એપ દ્વારા રોજિંદો વીજ વપરાશ જાણી શકાશે તેમજ વપરાશની પેટર્ન સમજીને વીજળી બચતનું આયોજન કરી શકાશે. ઓનલાઈન બિલ પેમેન્ટ, ફરિયાદ નોંધાવવી અને તેની સ્થિતિ ટ્રેક કરવી વધુ સરળ બનશે. ઉપરાંત ખોટા બિલની શક્યતા ઘટશે અને પાવર સપ્લાય, પ્લાન્ડ આઉટેઝ તથા અનિયમિત વપરાશ અંગેની માહિતી પણ સમયસર મળી શકશે.

એમજીવીસીએલના અધિકારીઓએ જણાવ્યું હતું કે, સ્માર્ટ મીટરથી ગ્રાહકોને વધુ પારદર્શક, ઝડપી અને ડિજિટલ સેવાઓ ઉપલબ્ધ બનશે તેમજ વીજ વ્યવસ્થાપન વધુ અસરકારક બનશે.

# 100 વર્ષ પૂર્ણ થતાં સેવા નિવૃત રેલવે કર્મચારીનું સન્માન

પશ્ચિમ રેલવેના વડોદરા ડિવિઝન દ્વારા પ્રતાપનગર સ્થિત ડિવિઝનલ રેલ્વે મેનેજર કચેરી ખાતે નિવૃત્ત કર્મચારી ઉમેદભાઈ બેચરભાઈ પટેલના શતાબ્દી વર્ષ નિમિત્તે સન્માન સમારોહ યોજાયો હતો. ઉમેદભાઈ પટેલ સિનિયર ડિવિઝનલ ફાઈનાન્સ મેનેજર કચેરીમાંથી એકાઉન્ટ આસિસ્ટન્ટ તરીકે નિવૃત્ત થયા હતા.

આ પ્રસંગે ડિવિઝનલ રેલ્વે મેનેજર રાજુ ભડકેએ ઉમેદભાઈ પટેલને ફૂલોનો ગુલદસ્તો, શાલ અને પ્રશસ્તિપત્ર અર્પણ કરી સન્માનિત કર્યા હતા. સિનિયર ડિવિઝનલ ફાઈનાન્સ મેનેજર આર્ય કિર્નેન્દુએ પણ શુભેચ્છા પાઠવી હતી.

સમારંભ દરમિયાન ઉમેદભાઈ પટેલે રેલ્વે સેવાના પોતાના અનુભવો અને યાદો શેર કરી શિસ્ત, સમર્પણ અને સકારાત્મક જીવનશૈલીનું મહત્વ સમજાવ્યું હતું. કાર્યક્રમમાં રેલ્વેના વરિષ્ઠ અધિકારીઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

### વરસાદી પાણીના નિકાલ માટે 'વોટર સ્પાઉટ્સ' સાફ કરાયા

# શહેરના તમામ ૪૧ બ્રિજ પર પ્રિ-મોન્સૂન સફાઈ અભિયાન પૂર્ણ



વડોદરા : આગામી ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને વડોદરા મહાનગરપાલિકા દ્વારા પ્રિ-મોન્સૂન કામગીરીના ભાગરૂપે એક ખૂબ જ મહત્વપૂર્ણ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. વડોદરા શહેરના નાગરિકોના સ્વાસ્થ્ય, સુવિધા, અને સલામતીને હંમેશા સર્વોચ્ચ પ્રાથમિકતા આપતી કોર્પોરેશનની ટીમ દ્વારા આ વખતે ચોમાસા પૂર્વે જ આગોતરા આયોજનના ભાગરૂપે આ સઘન ઝુંબેશ ચલાવવામાં આવી હતી.ચોમાસા દરમિયાન અવારનવાર બ્રિજ પર વરસાદી પાણી જમા થવાની સમસ્યાઓ સામે આવતી હોય છે. બ્રિજ પર પાણી ભરાવાને કારણે વાહનચાલકો અટવાઈ પડે છે અને ટ્રાફિક જામની મોટી સમસ્યા સર્જાય છે. આ પાણીનો નિકાલ અત્યંત ઝડપી અને સરળતાથી થાય તે બાબતને ગંભીરતાથી લઈને કોર્પોરેશનના 'બ્રિજ પ્રોજેક્ટ વિભાગ' દ્વારા શહેરની હદ વિસ્તારમાં આવેલા તમામ કુલ-41 બ્રિજ પર સઘન સફાઈ ઝુંબેશ સફળતાપૂર્વક પૂર્ણ કરી લેવામાં આવી છે.


## વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

### પાણી અંગેની અગત્યની જાહેરાત

વડોદરા મહાનગર પાલિકા હસ્તક કારેલીબાગ ટાંકી ખાતેથી પાણી મેળવતા વિસ્તારોની જાહેર જનતાને જણાવવાનુ કે તા.૨૯/૦૫.૨૦૨૬ ના રોજ MGVCL કારેલીબાગ સ/ડી નું શટડાઉન હોવાના કારણે સદર કારેલીબાગ ટાંકી ખાતે વિજપુરવઠો સમય સવારે ૭.૦૦ થી ૧૧.૦૦ વાગ્યા સુધી બંધ હોવાથી ટાંકી ખાતે પમ્પિંગ મશીનરી ચલાવી શકાય તેમ ન હોવાથી સદર ટાંકી ખાતેથી તા.૨૯.૦૫.૨૦૨૬ ના રોજ સવારના ઝોનમાં પાણી વિતરણ ધરાવતા વિસ્તારો જેવા કે કલાકુંજસોસા., વ્રુંદાવન, કુષ્ણલીલા સોસા., આમ્રપાલી, મુખ્યમંત્રીઆવાસ, ફતેપુરા, અમિતનગર, અજિતાનગર, ભાવનાપાર્ક તથા સાંજના જ્યોતીપાર્ક, આનંદનગર, સુવિધાપાર્ક, બ્રાઈટસ્કૂલ ખાંચો, દીપિકા સો.સા, અમિતનગર, શાંતીપાર્ક, અંબાલાલપાર્ક, આર્યકન્યા, રણછોડપાર્ક, સોનલપાર્ક, જયગાયત્રીનગર, અયોધ્યાનગર જેવા વિસ્તારમાં સવાર-સાંજ પાણી વિલંબથી તથા હળવા દબાણથી તેમજ ઓછા સમય સાથે મળશે જેની નોધ લેવા તેમજ પાણીનો સંગ્રહ કરી સહકાર આપવા શહેરના નાગરીકોને વિનંતી છે.

પી.આર.ઓ નં: ૧૧૧ /૨૦૨૬-૨૭ — કાર્યપાલક ઇજનેર (ઇલે/મીકે)


### શહેર ભરૂચમાં વેદમૂર્તિ સન્માન સમારોહ યોજાયો

# વેદો સૃષ્ટિનું આદિ જ્ઞાન અને સભ્યતાનું મૂળ: રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી

(પ્રતિનિધિ) ભરૂચ,તા.26



ભરૂચના આત્મીય હોલ ખાતે શુક્લ યજુર્વેદ માધ્યંદિન શાખાના ઘન પારાયણ નિમિત્તે 'વેદમૂર્તિ સન્માન સમારોહ'નું અનોખું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં 19 વર્ષની નાની વયે 'દંડકમ' પારાયણ કરનાર વેદમૂર્તિ દેવવ્રત રેખે સહિત 8 વેદપાઠીઓનું પ્રશસ્તિપત્ર આપી વિશેષ બહુમાન કરાયું.કાર્યક્રમને સંબોધતાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ જણાવ્યું કે ભારત અને અહીંની પરંપરાનું નામ જ 'વૈદિક સંસ્કૃતિ' છે, જેનો ઉદય વેદોમાંથી થયો છે. વેદો અખિલ ધર્મોનું મૂળ છે. સમગ્ર વિશ્વમાં માનવ સભ્યતાનો ઉદ્ગમ અને મનુષ્યને સાચો વ્યક્તિ બનાવવાનું કાર્ય વેદો દ્વારા જ થયું છે. તેમણે વેદોને 'અપૌરુષેય' એટલે કે ઈશ્વરીય જ્ઞાન ગણાવ્યું.વિદેશી આક્રમણકારો દ્વારા ભારતના જ્ઞાનભંડારને નષ્ટ કરવાના પ્રયાસોનો ઉલ્લેખ કરતા રાજ્યપાલએ કહ્યું કે વેદો મૌખિક પરંપરાથી કંઠસ્થ રાખીને બચાવનાર વૈદિક પરિવારો ખરા અર્થમાં સાધુવાદને પાત્ર છે. તેમણે 'મનુર્ભવ'ની વિભાવના સમજાવતા પરસ્પર પ્રેમ અને કરુણાભાવ રાખવા અનુરોધ કર્યો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને વૈદિક મંગલાચરણથી કરવામાં આવી. પૂર્વમંત્રી ખુમાનસિંહ વાંસિયાએ શાબ્દિક સ્વાગત વક્તવ્ય આપીને ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી ભરૂચનાં આંગણે આવતા તેમના માટે ભાવ વ્યક્ત કર્યો હતો.તેમજ પુષ્પગુચ્છથી મહેમાનોનું સ્વાગત કર્યું હતું.આ સમારોહમાં ભરૂચ ધારાસભ્ય રમેશભાઈ મિસ્ત્રી, વાગરા ધારાસભ્ય અરુણસિંહ રાણા, DDO અને જિલ્લા કલેક્ટર યોગેશ કાપસે, સિદ્ધિવિનાયક મંદિરના ટ્રસ્ટી જયપાલસિંહ માંગરોલા, વેદમૂર્તિ કરણભાઈ રાવલ, નીરજભાઈ ખાડી સહિત મંદિર પરિવારના સભ્યો, અગ્રણીઓ તેમજ ભરૂચના મોટી સંખ્યામાં ધર્મપ્રેમી અને પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

### વિજેતા કર્મચારીઓને રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરાયા

# વડોદરા વિભાગમાં વિભાગીય રાજભાષા અમલીકરણ સમિતિની બેઠક યોજાઈ



(પ્રતિનિધિ) વડોદરા,તા.26

પશ્ચિમ રેલ્વેના વડોદરા વિભાગના વિભાગીય રેલ્વે મેનેજર અને વિભાગીય રાજભાષા અમલીકરણ સમિતિના અધ્યક્ષ રાજુ ભડકેની અધ્યક્ષતામાં વિભાગીય રાજભાષા અમલીકરણ સમિતિની બેઠક 25 મે, 2026 ના રોજ યોજાઈ હતી. આ પ્રસંગે હિન્દી સાહિત્યકાર સુમિત્રાનંદન પંતની જન્મજયંતિ પણ ઉજવવામાં આવી હતી, અને એક રાજભાષા પ્રશ્ન મંચનું આયોજન કરવામાં આવ્યું હતું.વિભાગીય રેલ્વે મેનેજર રાજુ ભડકેએ હિન્દી સાહિત્યકાર સુમિત્રાનંદન પંતના ચિત્રને માળા પહેરાવીને અને દીપ પ્રગટાવીને કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું હતું. ત્યાર બાદ, કાર્યક્રમ ચાલુ રહ્યો, મૂળ હિન્દી નોંધ લેખન પુરસ્કાર યોજના 2024-25 ના વિજેતા કર્મચારીઓને રોકડ પુરસ્કાર આપીને સન્માનિત કરવામાં આવ્યા. વિભાગીય રેલ્વે મેનેજર રાજુ ભડકેએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે સરકારી કામકાજમાં રાજભાષા હિન્દીનો ઉપયોગ આપણી બંધારણીય ફરજ છે. તેમણે તમામ શાખા અધિકારીઓને સરળ હિન્દીના ઉપયોગને પ્રોત્સાહન આપવા અને તાબાના કર્મચારીઓને પત્રવ્યવહાર અને ઈ-ઓફિસમાં હિન્દી નોટિંગ સબમિટ કરવા માટે પ્રોત્સાહિત કરવા હાકલ કરી. તેમણે એમ પણ કહ્યું કે રાજ્ય સરકાર તરફથી મળેલા પત્રોના જવાબો હિન્દીમાં આપવા જોઈએ.


### સુધારો નોટિસ

## એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ

CIN: U67100MH2007PLC174759

રજીસ્ટર્ડ ઓફિસઃ એડલવાઈસ હાઉસ, પહેલો માળ, સીએસટી રોડ પાસે, કાલિના, મુંબઈ 400098.

આ ન્યૂઝપેપરમાં તારીખ 25.04.2026ના રોજ પ્રકાશિત થયેલી "ઈ-હરાજી વેચાણ નોટિસ"ના સંદર્ભમાં, કૃપા કરીને હરાજીની લંબાવેલી તારીખ 28.05.2026ના બદલે 09.06.2026 વાંચવી. અન્ય તમામ વિગતો સમાન રહેશે.

| લોન ખાતા નં. અને લોન કોડ નં. | ઉધારકર્તા/ સહ-ઉધારકર્તા/ /જામીનદારનું નામ | ટ્રસ્ટનું નામ | કુલ બાકી લેણી રકમ | અનામત કિંમત (રૂ. માં) | અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) (રૂ. માં) | હરાજીની તારીખ અને સમય | કબજાનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|---|
| 5392058 & 12861423 / HDBFS | શ્રી હર્ષરાજ હરિવદન પટેલ (ઉધારકર્તા) અને શ્રીમતી તૃષા હર્ષરાજ પટેલ (સહ-ઉધારકર્તા) | EARC-TRUST-SC-483 | તારીખ 23-04-2026ના રોજ લોન એકાઉન્ટ નં. 12861423 માટે રૂ. 2,07,256.93 અને લોન એકાઉન્ટ નં. 5392058 માટે રૂ. 24,22,618.10 | રૂ. 18,80,000/- | રૂ. 1,88,000/- | 28-05-2026 અને બપોરે 12:00 વાગ્યે | ભૌતિક |

મિલકતનું વર્ણનઃ ગોધરા શહેર ટીકા નં. 15, Lat નં. 10/1 નો તમામ ટુકડો અને પાર્સલ, જેનું માપન 56-02-07 ચોરસ મીટર છે, જેના પર ઘર નં. 9/1/1027 (ખુલ્લી જમીન) બનેલ છે, જે ગોધરા કસબા, તાલુકો- ગોધરા, જીલ્લો- પંચમહાલ ખાતે આવેલી છે. અને જેની સીમાઓ આ મુજબ છેઃ પૂર્વમાંઃ સંજયભાઈ શાહનું ઘર, પશ્ચિમમાંઃ નવેરુ, ઉત્તરમાંઃ ગોપાલભાઈ શાહનું ઘર, દક્ષિણમાંઃ ચીમનલાલ વોલેન્ડનું ઘર.

તારીખઃ 27.05.2026
સ્થળઃ મુંબઈ

અધિકૃત અધિકારી
એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ વતી

Edelweiss Asset Reconstruction